જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૧૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૭૧૮/૧૭**

**સેટેલાઇટ :** દિપનભાઇ નિખીલભાઇ સોની (રહે,મંગલ એપાર્ટમેન્ટ મેડીલીંક હોસ્પિટલની પાછળ સેટેલાઇટ) એ તા.૨૫/૮/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૧૭ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી વિશાલ દશરથભાઇ પંચાલ (રહે, ક્રિષ્ના એપાર્ટમેન્ટ, કેડીલા બ્રીજની નીચે લાલ શોટ પાનની ગલીમાં ઈસનપુર વટવા રોડ) એ શ્યામલ ચાર રસ્તા પાસે, પોપ્યુલર પ્લાઝા માં આવેલ દિપનભાઇની “ઓમ મોબાઈલ ગેલેરી” નામની દુકાનમાંથી સેમસંગ કંપનીના અલગ-અલગ મોડલના મોબાઇલ નંગ-૭૭ કુલ કિંમત રૂપિયા ૮,૧૩,૦૦૦/- મતાનાં લઈ જઈ, બારોબાર વેચી દઇ, મોબાઇલનાં નાણા કે મોબાઈલ દિપનભાઇને પરત નહીં આપી, તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મસ.ઇ.શ્રી ભગવાનભાઇ મોતીભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગર :** રવિલાલ ચંપકલાલ વૈષ્ણવ (ઉ.વ.૨૪)(રહે,ગણેશ રો હાઉસ ગુજરાત ફ્લેટની પાછળ સરદાર ચોક કૃષ્ણનગર) એ તા.૨૪/૮/૧૭ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૧૭ નાં કલાક ૧૦/૩૦ થી તા.૨૭/૭/૧૭ બપોરનાં ૩/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) ખાનભાઇ (૨) સતોષકુમાર (૩)રાઘવ ત્રીવેદી (૪)સીવાની પટેલ (૫)સીયાની અગ્રવાલ (૬)વીરા કુમારી (જે તમામ ના પુરા નામ-સરનામાની ખબર નથી)નાઓએ ભેગામળી પોતે પે એન્ડ યુઝ નામની ફ્રેંડશીપ ક્લબ ચલાવે છે તેવી ન્યુઝ પેપરમાં જાહેરાત આપી, રવિલાલને ફ્રેંડશીપ કરાવી આપવાની લાલચ આપી, રૂપિયા ૫૭,૭૦૦/- આરોપીઓનાં એકાઉન્ટમાં ભરાવેલ હોય અને ત્યારબાદ રૂપિયા પાછા નહીં આપી, રવિલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી ખરાડી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૧૯/૧૭**

**શહેરકોટડા :** પંકજભાઇ માધાભાઇ રાઠોડ (રહે,"સી" કોલોની અશોક મીલ સામે નરોડા રોડ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૮/૧૭ રાતના ૧૧/૪૫ થી તા.૨૫/૮/૧૭ સવારના ૭/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧,૦૦૦/-, રોકડા રૂપિયા ૧૦,૫૦૦/-, અગત્યનાં દસ્તાવેજો તેમજ ઘરની બહારના ભાગે મુકેલ મોટર સાયકલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૨૦/૧૭**

**દરીયાપુર :** રિઝવાનાબાનુ વા/ઓ મોહમદમુનાફ કાસમાણી (રહે,ફાતેમા ફ્લેટ, પાંચ ખડકીની પોળ પાંચ પટ્ટી કાલુપુર) એ તા.૨૫/૮/૧૭ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૮/૧૭ સવારના ૯/૩૦ વાગ્યાનાં સુમારે આરોપણબાઇ રેશમાબેન(જેના પુરા નામ-ઠામની ખબર નથી) ઘરમાં કામ કરવા આવેલ હતી ત્યારે રિઝવાનાબાનુનાં ઘરમાં કોઇ હાજર ન હતુ જેનો લાભ લઇ, ઘરની તિજોરીમાંથી રોકડ રૂપીયા ૨૫૦૦૦/- તથા સોનાના દાગીના, ઇમીટેશન જવેલરી તથા કપડા મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ચકલા ચોકી નાઓ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૭૨૧/૧૭**

**નરોડા :** કમલેશભાઇ જ્ઞાનચદ સિધવાની (ઉ.વ.૩૩)(રહે,માતૃભુમિ એપાર્ટમેન્ટ રેલ્વે કોસીગ પાસે સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૮/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાનાં સુમારે નટરાજ ટ્રાવેલ્સ નામની ઓફીસ આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કમલેશભાઇનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૭,૫૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૨૨/૧૭**

**સરખેજ :** દ્રુતી વા/ઓ ભાવીક શાહ (રહે,સદવાસ એપાર્ટમેન્ટ રવીનગર સ્કુલ પાસે જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૨૫/૮/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૧૭ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઈવે પર આવેલ જોલી મોટર્સ અને ટોયોટા મોટર્સ ની સામેના ભાગે ખુલ્લી જગ્યામા પોતાની સીલ્વર કલરની વેગનઆર કાર નંબર એમ.એચ.૨૦.એ.જી.૨૪૩૬ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ રાતનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી મકરબા ચોકી નાઓ ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૭૨૩/૧૭

**આનંદનગર :** કાળુસિંહ ગોપાલસિંહ ચુડાવત (ઉ.વ.૨૨)(રહે,બાબુભાઈ ની ચાલી ગોપાલનગર મેમનગર) કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૧૭ રાતના ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગોળીઓ ખાઈ લેતાં બેભાન થઈ જતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પિટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૮/૧૭ ના કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હર્ષદભાઈ વિરમભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.